દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૨ જુલાઈ, ૨૦૨૬

# ડિજિટલ મીડિયા આઝાદીનું માધ્યમ ખરા પણ તેને અનિયંત્રિત છોડી શકાય નહીં

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા, ઓનલાઈન પોડકાસ્ટ અને સ્ટેન્ડ-અપ કોમેડી જેવા પ્લેટફોર્મ્સ અભિવ્યક્તિની આઝાદીનું મુખ્ય માધ્યમ બન્યા છે. પરંતુ, તાજેતરમાં સર્વોચ્ચ અદાલતમાં દાખલ થયેલી એક જનહિત અરજીએ દેશભરમાં એક નવો અને અત્યંત ગંભીર વિવાદ છેડી દીધો છે. ગુરુગ્રામમાં કોમેડિયન પ્રણિત મોરે દ્વારા રજૂ કરાયેલા 'રૂ.૩૭૦ બિરયાની' સંબંધિત વિવાદાસ્પદ જોક અને ત્યારબાદ બંધારણીય સંસ્થાઓ તેમજ ન્યાયાધીશો વિશે ફેલાયેલી ગેરમાર્ગે દોરતી અફવાઓએ આ ચર્ચાને વધુ વેગ આપ્યો છે. આ વિવાદ માત્ર એક જોક કે ફેક ન્યૂઝ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ડિજિટલ સેન્સરશીપ, વાણી સ્વાતંત્ર્યની મર્યાદાઓ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં કન્ટેન્ટ રેગ્યુલેશનની અનિવાર્યતા પર ઊંડો પ્રકાશ પાડે છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ 19(1)(a) હેઠળ દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર મળેલો છે. આ જ અધિકારનો ઉપયોગ કરીને કલાકારો, પત્રકારો અને સામાન્ય યુઝર્સ સોશિયલ મીડિયા પર પોતાના વિચારો રજૂ કરે છે. કટાક્ષ અને હાસ્ય હંમેશાં તંદુરસ્ત લોકશાહીના લક્ષણો રહ્યા છે. પરંતુ, જ્યારે હાસ્યના નામે રાષ્ટ્રીય સંવેદનશીલતા ધરાવતા મુદ્દાઓ (જેમ કે કલમ ૩૭૦) નો ઉપયોગ વ્યાપારી કે મનોરંજનના હેતુ માટે સંવેદનહીન રીતે કરવામાં આવે, ત્યારે એક નવો વિવાદ જન્મે છે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર ન્યાયતંત્ર અને દેશના વરિષ્ઠ મંત્રીઓ વિરુદ્ધ નકલી સમાચારો ફેલાવવાની પ્રવૃત્તિઓ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. કરદાતાઓના પૈસે લંડનમાં મોજ-મસ્તી કરવાના ખોટા દાવાઓ વાયરલ કરીને ન્યાયતંત્ર જેવી સર્વોચ્ચ સંસ્થાઓની વિશ્વસનીયતા પર ઘા કરવામાં આવી રહ્યો છે. જ્યારે ન્યાયતંત્ર પ્રત્યે સામાન્ય જનતાનો વિશ્વાસ ડગમગે છે, ત્યારે સમગ્ર લોકશાહીનું માળખું નબળું પડે છે. તેથી, અભિવ્યક્તિની આઝાદી ક્યારેય અનિયંત્રિત હોઈ શકે નહીં; તેની સાથે સંસ્થાઓની ગરિમા જાળવવાની જવાબદારી પણ જોડાયેલી છે.

હાલની આપણી કાનૂની અને વહીવટી પ્રણાલી મોટાભાગે 'પોસ્ટ-રિએક્ટિવ' (ઘટના બન્યા પછી પ્રતિક્રિયા આપનારી) છે. સોશિયલ મીડિયા પર કોઈ ભ્રામક માહિતી અથવા વાંધાજનક વીડિયો અપલોડ થાય, તે થોડી જ મિનિટોમાં લાખો લોકો સુધી પહોંચી જાય છે. જ્યાં સુધી ફેક્ટ-ચેક સંસ્થાઓ તેનું સત્ય સામે લાવે અથવા સરકાર કે અદાલત તરફથી સત્તાવાર સ્પષ્ટતા કે આદેશ જારી કરવામાં આવે, ત્યાં સુધીમાં સમાજમાં જે નુકસાન થવાનું હોય તે થઈ ચૂક્યું હોય છે. ડિજિટલ દુનિયામાં માહિતીની ગતિ પ્રકાશની ઝડપે આગળ વધે છે, જ્યારે આપણી કાનૂની પ્રક્રિયાઓ પરંપરાગત ગતિએ ચાલે છે. આ મોટો તફાવત જ ભ્રામક તત્વોને પ્રોત્સાહન આપે છે. નુકસાન થયા પછી એક્શન લેવા કરતાં, નુકસાનને રોકવા માટે અગાઉથી જ કોઈ ગાઈડલાઈન્સ કે તકનીકી અવરોધો હોવા જરૂરી બની ગયા છે. સર્વોચ્ચ અદાલતમાં વરિષ્ઠ વકીલ દ્વારા કરવામાં આવેલી અરજીમાં એક મહત્વનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છેઃ ઓનલાઈન સામગ્રી, પોડકાસ્ટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે એક સ્વતંત્ર નિયમનકારી મંડળની સ્થાપના કરવી.

આજે AI ના માધ્યમથી ડીપફેક વીડિયો, ઓડિયો ક્લોનિંગ અને અત્યંત વાસ્તવિક લાગતા નકલી દસ્તાવેજો કે ફોટોગ્રાફ્સ મિનિટોમાં તૈયાર થઈ જાય છે. જો આ સામગ્રી પર કોઈ વહેલી તકે નજર રાખવામાં ન આવે, તો તે સામાજિક શાંતિને ક્ષણભરમાં ભંગ કરી શકે છે. ટીવી ચેનલો માટે જેમ કેન્દ્રીય સંસ્થાઓ કે સ્વનિયમનકારી મંડળો છે, તેમ યુટ્યુબ પોડકાસ્ટર્સ, ઓટીટી પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ માટે પણ 'સેન્સિંગ ગાઈડલાઈન્સ' ઘડવાનો સમય પાકી ગયો છે. નિયમનની માંગ ચોક્કસ વ્યાજબી છે, પરંતુ અહીં સૌથી મોટો ભય 'ડિજિટલ સેન્સરશીપ' નો છે. જો સરકાર કે અદાલત કન્ટેન્ટ પર કડક નિયંત્રણો લાદી દે, તો તેનાથી લોકશાહીના ચોથા સ્તંભ સમાન મુક્ત અવાજો દબાઈ જવાનો ભય રહે છે. કોઈપણ પ્રકારનું સરકારી સેન્સરશીપ બોર્ડ જો સોશિયલ મીડિયા પર લગામ કસશે, તો સત્તાધારી પક્ષો સામે વિરોધ કે ટીકા પ્રદર્શિત કરવાનો સ્પેસ ખતમ થઈ શકે છે. તેથી, ઉપાય સેન્સરશીપ (પ્રતિબંધ) નથી, પરંતુ 'જવાબદાર નિયમન' છે. આ માટે ડિજિટલ પ્લેટફોર્મ્સે પોતે જ પોતાની ટેકનોલોજી અને અલ્ગોરિધમને એ રીતે વિકસાવવા પડશે કે ભ્રામક કે નફરત ફેલાવતી સામગ્રી આપોઆપ ડિટેક્ટ થઈ જાય અને વાયરલ થતાં અટકે.

સર્વોચ્ચ અદાલત સમક્ષ આવેલો 'રૂ.૩૭૦ બિરયાની' અને ન્યાયાધીશો વિરૂદ્ધના ફેક ન્યૂઝનો આ વિવાદ એ બાબતનો આલાર્મ છે કે હવે આપણે ડિજિટલ મીડિયાને અનિયંત્રિત છોડી શકીએ નહીં. કલાકારોએ હાસ્ય અને વાણી સ્વાતંત્ર્યના નામે પોતાની મર્યાદાઓ સમજવી પડશે, જ્યારે નાગરિકોએ પણ સોશિયલ મીડિયા પર આવતી દરેક માહિતીને સાચી માનીને શેર કરવાની આદત બદલવી પડશે. સુપ્રીમ કોર્ટ આ મુદ્દે જે પણ માર્ગદર્શિકા જાહેર કરે, તેમાં અભિવ્યક્તિની આઝાદી અને રાષ્ટ્રીય સંસ્થાઓની સુરક્ષા વચ્ચે એક સંતુલન જળવાઈ રહે તે અનિવાર્ય છે. લોકશાહી ત્યારે જ જીવંત રહેશે જ્યારે અવાજ પણ મુક્ત હશે અને વ્યવસ્થા પણ સુરક્ષિત હશે

# એલન ગ્રીન્સ્પાન: અમેરિકન અર્થવ્યવસ્થાના મહાન શિલ્પી કે વૈશ્વિક આર્થિક સંકટના સહનિર્માતા?

**ઈકો-નોમિક્સ**

**ડૉ.જયનારાયણ વ્યાસ**

**વિશ્વના સૌથી શક્તિશાળી બેન્કર દ્વારા પોતાની જ નીતિઓની ખામી સ્વીકારવી એ અર્થશાસ્ત્રના ઈતિહાસની સૌથી મોટી અને અસામાન્ય ઘટનાઓમાંથી એક છે**

વિશ્વના આર્થિક ઈતિહાસમાં કેટલાંક એવાં વ્યક્તિત્વો હોય છે જેઓ લોકશાહી ઢબે ચૂંટાયેલા નેતા ન હોવા છતાં આખા દેશ અને દુનિયાની આર્થિક દિશા બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. એલન ગ્રીન્સ્પાન એક એવું જ પ્રભાવશાળી નામ છે. તેઓ લગભગ બે દાયકા (૧૯૮૭થી ૨૦૦૬) સુધી અમેરિકાની કેન્દ્રીય બેંક -ફેડરલ રિઝર્વના અધ્યક્ષ રહ્યા. આ લાંબા કાર્યકાળ દરમિયાન તેમણે અમેરિકન અર્થવ્યવસ્થા, વ્યાજદર, ફુગાવો, શેરબજાર અને વૈશ્વિક નાણાંકીય વ્યવસ્થા પર ઊંડી છાપ છોડી. સમર્થકો તેમને આર્થિક જગતના જાદુગર એટલે કે 'ધ માએસ્ટ્રો' કહે છે, જ્યારે વિવેચકો તેમને ૨૦૦૮ના વૈશ્વિક આર્થિક સંકટના મુખ્ય જવાબદારોમાંના એક માને છે.

એલન ગ્રીન્સ્પાનનો જન્મ ૬ માર્ચ ૧૯૨૬ના રોજ ન્યૂયોર્ક શહેરમાં થયો હતો. બાળપણથી જ ગણિત અને આંકડાશાસ્ત્રમાં તેમની પકડ અદ્ભુત હતી. તેમણે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રનો ઉચ્ચ અભ્યાસ કર્યો અને ત્યાર બાદ આર્થિક સલાહકાર તરીકે ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી. ૧૯૬૦ના દાયકામાં તેઓ પ્રખ્યાત લેખિકા અને મુક્ત બજારની સમર્થક આયન રેન્ડના વિચારોથી ખૂબ પ્રભાવિત થયા. આ કારણે જ ગ્રીન્સ્પાનનો મુક્ત બજાર, મૂડીવાદ અને સરકારના મર્યાદિત હસ્તક્ષેપમાં દઢ વિશ્વાસ હતો.

ફેડરલ રિઝર્વના અધ્યક્ષ તરીકે ઉદય

૧૯૮૭માં અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગને એલન ગ્રીન્સ્પાનની ફેડરલ રિઝર્વના અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરી. આ પદ પર તેઓ ૨૦૦૬ સુધી કાર્યરત રહ્યા. પોતાના ૧૯ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે ચાર અલગ-અલગ અમેરિકન રાષ્ટ્રપતિઓ (રોનાલ્ડ રેગન, જ્યોર્જ એચ. ડબલ્યુ. બુશ, બિલ ક્લિન્ટન અને જ્યોર્જ ડબલ્યુ. બુશ) સાથે કામ કર્યું, જે તેમની આર્થિક કુશળતા પરના સર્વવ્યાપી વિશ્વાસનું પ્રતીક હતું.

મુખ્ય સિદ્ધિઓ અને સફળતાઓ

ફુગાવા પર નિયંત્રણઃ ૧૯૭૦ના દાયકામાં અમેરિકા ભારે મોંઘવારી અને આર્થિક મંદીથી પીડાતું હતું. ગ્રીન્સ્પાને સુદઢ નાણાંકીય નીતિ (Monetary Policy) દ્વારા ભાવો પર કાબૂ મેળવ્યો, જેના કારણે ૧૯૯૦ના દાયકામાં અમેરિકામાં લાંબા ગાળાની આર્થિક સ્થિરતા જોવા મળી.

'ગ્રેટ મોડરેશન'નો સુવર્ણ યુગઃ ૧૯૯૦થી ૨૦૦૭ વચ્ચેના સમયગાળાને અર્થશાસ્ત્રીઓ 'ગ્રેટ મોડરેશન'કહે છે. ગ્રીન્સ્પાનના નેતૃત્વમાં આ સમયે અમેરિકામાં નીચો ફુગાવો, ઊંચો આર્થિક વિકાસ દર, ઓછી બેરોજગારી અને શેરબજારમાં અસાધારણ તેજી જોવા મળી હતી.

૧૯૮૭ના 'બ્લેક મન્ડે'નું સંકટ નિવારણઃ ઓક્ટોબર ૧૯૮૭માં ગ્રીન્સ્પાનના પદ સંભાળ્યાના ગણતરીના દિવસોમાં જ અમેરિકન શેરબજારનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ એક જ દિવસમાં ૨૨% તૂટી ગયો હતો. ગ્રીન્સ્પાને તાત્કાલિક બજારમાં નાણાંકીય પ્રવાહિતા વધારીને સિસ્ટમને સ્થિર કરી અને દેશને મોટી આર્થિક મંદીમાંથી બચાવી લીધો.

વૈશ્વિક પ્રભાવ અને પ્રતિષ્ઠાઃ તેમના સમયમાં યુએસ ફેડરલ રિઝર્વ વિશ્વની સૌથી શક્તિશાળી બેંક બની ગઈ હતી. વૈશ્વિક બજારોમાં એક કહેવત પ્રચલિત બની હતી કે, 'જો ગ્રીન્સ્પાન ખાંસી ખાય, તો આખી દુનિયાનાં બજારોને તાવ આવી જાય.'

વિવેચકોના આક્ષેપો અને નીતિગત ખામીઓ

ગ્રીન્સ્પાનની લોકપ્રિયતા છતાં, અર્થશાસ્ત્રીઓનો એક મોટો વર્ગ માને છે કે તેમની કેટલીક લાંબા ગાળાની નીતિઓએ વૈશ્વિક અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડ્યુંઃ

૨૦૦૮ના વૈશ્વિક આર્થિક સંકટનાં બીજઃ ૨૦૦૧ની આર્થિક સુસ્તી પછી, ગ્રીન્સ્પાને અમેરિકામાં વ્યાજદરો લાંબા સમય સુધી અત્યંત નીચા રાખ્યા. આ સસ્તા નાણાંના કારણે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મોટો બબલ સર્જાયો. બેંકો બેદરકાર બની અને સબપ્રાઈમ મોર્ટગેજ આપવા લાગી. આખરે ૨૦૦૮માં આ પરપોટો ફૂટ્યો, જેણે સમગ્ર વિશ્વને મહામંદીમાં ધકેલી દીધું.

બજાર પર અતિશય અંધવિશ્વાસઃ મુક્ત બજારના હિમાયતી હોવાના કારણે તેઓ માનતા હતા કે બેંકો અને નાણાંકીય સંસ્થાઓ પોતાની ભૂલો જાતે સુધારી લેશે. તેમણે ડેરિવેટિવ્ઝ માર્કેટ અને વૉલ સ્ટ્રીટના જોખમી રોકાણો પર પૂરતું સરકારી નિયંત્રણ ન રાખ્યું, જે પાછળથી ઘાતક સાબિત થયું.

આર્થિક અસમાનતામાં વધારોઃ નીચા વ્યાજદરો અને શેરબજારની કૃત્રિમ તેજીનો સીધો ફાયદો મુખ્યત્વે ધનિક વર્ગને મળ્યો, જેના કારણે અમેરિકા અને વૈશ્વિક સ્તરે અમીર-ગરીબ વચ્ચેની આર્થિક ખાઈ વધુ પહોળી થઈ.

૨૦૦૮ની મહામંદી બાદ જ્યારે અમેરિકન સંસદની તપાસ સમિતિ સમક્ષ ગ્રીન્સ્પાન હાજર થયા, ત્યારે તેમણે જાહેરમાં સ્વીકાર્યું કે 'તેમની મુક્ત બજારની આર્થિક વિચારસરણી અને મોડેલમાં એક મોટી ખામી હતી. 'વિશ્વના સૌથી શક્તિશાળી બેન્કર દ્વારા પોતાની જ નીતિઓની ખામી સ્વીકારવી એ અર્થશાસ્ત્રના ઈતિહાસની સૌથી મોટી અને અસામાન્ય ઘટનાઓમાંથી એક છે.

એલન ગ્રીન્સ્પાનના કિસ્સામાંથી ભારત જેવા વિકાસશીલ દેશ માટે ઘણા મહત્ત્વના પાઠ શીખવા મળે છેઃ ભારતીય મધ્યસ્થ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ હંમેશાં ગ્રીન્સ્પાનના પશ્ચિમી મોડેલ (અતિશય મુક્ત બજાર) નું આંધળું અનુકરણ કરવાને બદલે સાવચેતીપૂર્વકનું નિયંત્રણ (Cautious Regulation) રાખવાની નીતિ અપનાવી છે. ૨૦૦૮માં જ્યારે આખું વિશ્વ મંદીમાં હતું, ત્યારે આરબીઆઈની કડક બેંકિંગ નીતિઓના કારણે ભારતીય અર્થતંત્ર સુરક્ષિત રહ્યું હતું. ગ્રીન્સ્પાનનો ઈતિહાસ દર્શાવે છે કે અર્થતંત્રના વિકાસ માટે બજારને પ્રોત્સાહન આપવું જેટલું જરૂરી છે, તેટલું જ સામાન્ય નાગરિકોના નાણાંની સુરક્ષા માટે બેંકો પર યોગ્ય સરકારી નિયંત્રણ રાખવું પણ અનિવાર્ય છે.

એલન ગ્રીન્સ્પાન અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતા અર્થશાસ્ત્રી હતા, જેમણે બે દાયકા સુધી વિશ્વના આર્થિક હૃદયના ધબકારા નિયંત્રિત કર્યા. જો કે, ઈતિહાસ માત્ર અસ્થાયી સફળતાઓથી નહીં પરંતુ નિર્ણયોની લાંબા ગાળાની અસરોથી ચુકાદો આપે છે. તેઓ હંમેશાં એક એવા નીતિનિર્માતા તરીકે યાદ રહેશે જેમણે અમેરિકાને સમૃદ્ધિના શિખરે પણ પહોંચાડ્યું અને અજાણતાં જ એક મોટા આર્થિક વિનાશનો પાયો પણ નાખ્યો. તેમનું જીવન નાણાંકીય જગતને એક સનાતન સત્ય શીખવે છેઃ 'બજારો શક્તિશાળી ચોક્કસ છે, પણ તેઓ અચૂક નથી અને નીતિનિર્માતાઓ ગમે તેટલા મહાન હોય, તેઓ ભૂલોથી પર નથી.'

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## વરસાદના છાંટાનો આનંદ

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

બહુ રાહ જોવડાવ્યા બાદ વરસાદની પધરામણી થઈ. સુરજના તાપથી તપ્ત થયેલી ધરતીને રાહત મળી. ઝાડનાં પાંદડાંઓ વરસાદનાં પાણીથી ધોવાઈને ફરી નવપલ્લવિત થઈ ગયાં. ચારે બાજુ જાણે સુંદરતા અને ખુશીની લહેર દોડી ગઈ. વરસાદની રાહ જોનારાં બધાં જ પશુ, પંખી, માણસો રાજી રાજી થઈ ગયાં. રસ્તા પર ધોધમાર વરસાદ પડી રહ્યો હતો, લારી પર ગરમાગરમ ચા અને ભજીયાંની મજા લોકો માણી રહ્યાં હતાં. થોડાં લોકો ગેલેરીમાં ગરમાગરમ કોફીના મગ સાથે વરસાદનો આનંદ લઇ રહ્યાં હતાં.અમુક બાળકો રસ્તા પર વરસાદમાં ભીંજાતાં નાચી રહ્યાં હતાં. આ ખુશીના માહોલમાં એમ વિચાર આવે કે વરસાદે બહુ રાહ જોવડાવીને પછી ઘનઘોર વરસીને ચોમેર આનંદ આનંદ પ્રસરાવી દીધો છે. એક ખાસ વાત છે કે આપણે બધા જ જયારે કોઇ પણ રીતે વરસાદનો આનંદ માણતાં હોઈએ ત્યારે એક વસ્તુ અચૂક કરીએ.આપણે બધાં જ વરસતા વરસાદમાં હાથ લંબાવીને આભમાંથી વરસતા વરસાદના



છાંટાને આપણા હાથમાં ઝીલવાનો પ્રયત્ન અચૂક કરીએ. દરેક જણ ગેલેરીમાંથી કે બારીમાંથી કે અગાસીમાંથી કે પછી રસ્તા પરથી કે રસ્તા પર પસાર થતી કાર કે બસમાંથી કે ટ્રેનની બારીમાંથી પોતાના હાથને બહાર કાઢી તેની પર વરસાદના છાંટાને ઝીલવાનો પ્રયત્ન કરે જ અને જ્યારે વરસાદનાં છાંટા હાથ પર પડે અને બે ઘડી હાથને ભીનો કરી નીચે સરકી જાય તેમાં બધાને અનેરો આનંદ મળે.આ અનુભવ બધાએ કર્યો જ હશે અને આજે ફરી કરજો. હવે વાત કે આજે આ વરસાદી મોસમમાં વરસાદી છાંટાની વાત શા માટે? આ વરસતા વરસાદી છાંટા હાથ પર ઝીલીને આપણે ઘડીક વાર માટે જે આનંદ માણીએ છીએ તે જીવનમાં એક મોટી વાત સમજાવે છે.આ વરસાદના ભીના ભીના તનને ઠંડક અને મનને આનંદ આપતા છાંટા શીખવે છે કે જિંદગીની સૌથી સુંદરતમ, અદ્ભુત ક્ષણોને પકડી શકાતી નથી.ફક્ત ભરપૂર રીતે માણી શકાય છે. જિંદગીને આનંદ આપતી ક્ષણોને પકડી રાખવાનો કે બાંધવાનો કે કેમેરામાં કેદ કરવાનો પ્રયત્ન ન કરતાં, માત્ર તેને સંપૂર્ણ રીતે માણો. તે અદ્ભુત ક્ષણનો આનંદ અનેરો હોય છે. તે એક વાર વીતી જાય પછી ફરી માણી શકાતો નથી. વરસાદી છાંટા જે પળે હાથ પર પડે છે અને આનંદ આપે છે તે ત્યારે જ માણી શકાય છે. આજે જ વરસાદી છાંટાને હાથમાં ઝીલજો અને તે ક્ષણનો આનંદ માણજો અને યાદ રાખજો કે જીવનમાં ઘણી આનંદની ક્ષણો પકડી શકાતી નથી તે પળે જ માણી શકાય છે.

# પધારો! અમારો વિનાશ નોંતરવા આપ સૌનું સ્વાગત છે

**ફીર દેખો યારોં**

**બીરેન કોઠારી**

**ગૂગલ, અમેઝોન અને મેટા જેવી રાક્ષસી કદની કંપનીઓએ, ખાસ કરીને આંધ્ર પ્રદેશમાં જમીન મેળવવા માટે અદાણી જૂથ અને રિલાયન્સ જૂથ સાથે હાથ મિલાવ્યા છે**

એ હકીકત હવે અજાણી રહી નથી કે એ.આઈ. નો ઉપયોગ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે અને તેના માટેનાં ડેટા સેનૂટર દ્વારા પ્રચંડ ગરમીનું ઉત્સર્જન થાય છે. આને કારણે તેના માટે પુષ્કળ પાણીની જરૂરિયાત રહે છે. તેનું આ પાસું એવું છે કે તેને ધ્યાનમાં રાખવું જ પડે. ત્રણેક મહિના અગાઉ આ કટારમાં તેના વિશે વાત કરવામાં આવી હતી. આ એક માત્ર કારણસર અમેરિકા, યુરોપ, લેટિન અમેરિકા અને અગ્નિ એશિયાના દેશોમાં આવાં ડેટા સેનૂટરો ઊભાં કરવાનો વિરોધ થઈ રહ્યો છે. તેમના દ્વારા ઉત્સર્જિત કરાતી ગરમી ઉપરાંત તેના માટે જરૂરી વીજપુરવઠાની પ્રચંડ માત્રા અને વિશાળ જમીનની જરૂરિયાત પણ આ વિરોધ પાછળનાં પરિબળો ખરાં.

બીજી તરફ ફેબ્રુઆરી, 2026માં દિલ્હી ખાતે ભરાયેલા એ.આઈ.ના સંમેલનમાં, વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં એ.આઈ. સેનૂટર સ્થાપિત કરવા ઈચ્છનાર સૌને આવકાર્યાં અને ભારતને એ.આઈ. સેન્ટરનું વૈશ્વિક કેન્દ્ર (હબ) બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી. આ કેનૂદ્રો રોજગારજનક બની રહેશે એમ પણ કહેવાયું. આવી ઘોષણા વડા પ્રધાને કશું જોયા-જાણ્યા વિના ન કરી હોય! વિશ્વના અન્ય દેશોમાં એ.આઈ. સેનૂટરોનો પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે, એ બાબત આપણા જેવાં સામાન્ય નાગરિકોને ખબર હોય તો માહિતી માટેનું વિશાળ માળખું ધરાવતા વડા પ્રધાન કાર્યાલયને એની જાણ ન હોય એ શક્ય નથી.

આ આખા મામલે મૂળ મુદ્દો એ છે કે ભારત જળતંગી ધરાવતો દેશ છે. વીજતંગી પણ અહીં કાયમી સ્થિતિ હોય છે. અધૂરામાં પૂરું જળવાયુ પરિવર્તનને કારણે ગરમીનો પ્રકોપ વર્ષોવર્ષ વધી રહ્યો છે, જે જળ અને વીજળી બન્નેની માંગમાં પ્રચંડ વધારો કરે છે.

આ કેનૂદ્રો થકી પેદા થતા રોજગારની વાત કરીએ કે જે મુદ્દાને આગળ કરવામાં આવ્યો છે અને મહત્ત્વનો ગણાવાયો છે. ડેટા સેનૂટરને જુદી જાતનાં ગોદામ કહી શકાય. સેંકડો કે હજારો ચોરસ ફીટ વિસ્તારમાં તે પથરાયેલાં હોય છે. એક વાર તે કાર્યરત થઈ જાય એ પછી મુઠ્ઠીભર ટેક્નિશયન અને ઈજનેરો થકી તેનું સંચાલન કરવામાં આવે છે. અન્ય ઉદ્યોગોની જેમ આ સ્થાને કોઈ ટેક્નોલોજીને વિકસાવવામાં આવતી નથી કે જેમાં લોકોને તાલીમ આપવામાં આવે. વિશાળ વિસ્તારમાં પથરાયેલાં આ કેનૂદ્રોમાં રાક્ષસી કદનાં એ.આઈ. મોડેલનું સંચાલન થાય છે, જે સુપર કમ્પ્યુટરની જેમ ડેટા એટલે કે વિગતોને સંઘરે છે. આપણા દેશના પાટનગરમાં સુધ્ધાં જનસામાન્યને પીવાના પાણીની અને વીજળીની તંગી છે અને પૂરતો પુરવઠો મળે એવી વ્યવસ્થા દેશની આઝાદીનાં પંચોતેર વર્ષ પછી પણ ગોઠવી શકાઈ નથી, ત્યાં બીજાં નગરો, શહેરો કે રાજ્યોની વાત જ ક્યાં કરવી! આ સંજોગોમાં એ.આઈ.સેનૂટરો દ્વારા ઓહિયાં થઈ જતો જંગી માત્રામાં પાણી અને વીજપુરવઠો કોના ભાગેથી છીનવાઈને ત્યાં પહોંચશે એની કલ્પના કરવાની જરૂર ખરી?

જમીનના મુદ્દાને પણ અવગણવા જેવો હરગીઝ નથી. ગૂગલ, અમેઝોન અને મેટા જેવી રાક્ષસી કદની કંપનીઓએ, ખાસ કરીને આંધ્ર પ્રદેશમાં જમીન મેળવવા માટે અદાણી જૂથ અને રિલાયન્સ જૂથ સાથે હાથ મિલાવ્યા છે. આમાંની ઘણી બધી જમીન પર્યાવરણની રીતે સંવેદનશીલ પ્રદેશોમાં છે, પણ બીજી તરફ સરકાર લીલીછમ વાડીઓ અને ખેતીની જમીન પર કબજો વધારી રહી છે. આમ કરવામાં તેમના માર્ગમાં આવતી ઝૂંપડપટ્ટીઓનો નિર્દયતાપૂર્વક સફાયો કરાઈ રહ્યો છે કેમ કે, કરોડો ડોલરનું રોકાણ આ રીતે ઠલવાઈ રહ્યું છે. મહિલા પત્રકાર લતા જિષ્ણુએ 'ડાઉન ટુ અર્થ' સામયિકમાં આ હકીકતને ઉજાગર કરી છે. અહેવાલમાં જણાવાયા અનુસાર આ પૈકીનો સૌથી મોટો પ્રકલ્પ દસ હજાર કરોડ ડોલરનો છે, જે અદાણી જૂથનો છે. આ પ્રકલ્પ અંતર્ગત 2035 સુધીમાં પાંચ ગીગાવૉટની ક્ષમતા ધરાવતાં એ.આઈ.ડેટા સેનૂટર બનાવવાની યોજના છે. એમાંથી ગૂગલ કંપનીના સહયોગમાં સ્થપાનારું વિશાખાપટણમ ખાતેનું બે ગીગાવૉટની ક્ષમતા ધરાવતું એ.આઈ.ડેટા સેન્ટર સૌથી વધુ ક્ષમતા ધરાવતું સેન્ટર હશે. તેના માટે ગૂગલને 480 એકર જેટલી વિશાળ જમીન દરિયાકાંઠાના વિસ્તારમાં ફાળવવામાં આવી છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ વિસ્તાર પર્યાવરણની રીતે અતિ સંવેદનશીલ છે અને પહેલેથી જ પર્યાવરણને લગતા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યો છે.

એ યાદ રાખવું રહ્યું કે અનેક દેશોમાં થઈ રહેલો એ.આઈ. સેન્ટરો સામેનો વિરોધ એ.આઈ. ની સામાજિક અસરો અંગેનો નહીં, પણ પાણી અને વીજળી જેવી પાયાની જરૂરિયાતો અંગેનો છે. વિવિધ ભૌગોલિક, સાંસ્કૃતિક પરિસ્થિતિઓ તેમજ વિભિન્ન રાજકીય વિચારધારા ધરાવતા દેશોમાં થઈ રહેલો પ્રચંડ વિરોધ એ બાબતનું પ્રમાણ છે કે સૌ આ બાબતે સમાન રીતે ચિંતિત છે.

વડા પ્રધાને એ.આઈ.સેનૂટરોને આવકાર્યાં છે, તો રાજ્ય સરકારો તેમને માટે પાણી અને વીજળીના વપરાશ પર સબસિડી આપી રહી છે. સામાન્ય નાગરિકો વીજળીના કમરતોડ દર ચૂકવે અને આવી કંપનીઓને સબસિડી!

પર્યાવરણ ક્ષેત્રનાં કર્મશીલો તેમજ વિવિધ નાગરિક સંગઠનો ઘણા સમયથી આનો વિરોધ કરી રહ્યાં છે પણ એની ખાસ અસર નથી. પરિસ્થિતિ એવી છે કે વાજબી કારણોસર વિરોધ કરનાર રાષ્ટ્રદ્રોહીમાં ખપી જાય છે. એ.આઈ.સેનૂટરના આવા પ્રચંડ પ્રકલ્પોથી ભવિષ્યમાં સંબંધિત વિસ્તારની પર્યાવરણીય સ્થિતિ કઈ હદે કથળશે એની કલ્પના જ કરવી રહી. સરકારની તરફેણમાં કામ કરતા સત્તાતંત્ર પાસે કોઈ ન્યાયી પગલાંની અપેક્ષા રાખવી વ્યર્થ છે. એમાંય ખુદ વડા પ્રધાને નોંતરું આપીને લાલ જાજમ બિછાવડાવી હોય પછી કયા અધિકારીની મગદૂર છે કે સામો હરફ કાઢે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દાનનો ગેર વહીવટ

ભારતીય ધર્મશાસ્ત્રોમાં દાનનો મહિમા જણાવવામાં આવ્યો છે. દાન એટલે પોતાની પાસે રહેલી વસ્તુ ધન અથવા જ્ઞાન વગેરેને જરૂરિયાત મંદ વ્યક્તિઓને કે સંસ્થાને સ્વૈચ્છિક રીતે અર્પણ કરવું તે. કોઈ પણ જાતની અપેક્ષા વગર જરૂરિયાત મંદને અપાતું દાન એ ઉત્તમ પ્રકારનું દાન છે. આપણે ત્યાં વસ્ત્રદાન, ધનનું દાન અન્નદાન અને વિદ્યાદાન એમ જુદા જુદા દાન આપવામાં આવે છે.પરદેશમાં પણ લોકો દાન આપે જ છે. પરંતુ આજકાલ દાન આપનાર વ્યક્તિ જાણે મુર્ખ હોય અને સંસ્થોનો વહીવટ કરનારો ચાલક અને લુચ્ચાઈ કરનાર હોય, મળેલા દાનની ચોરી કરીને દાનની રકમનો દુરુપયોગ થતો હોય તો એ આપેલ દાનની કોઈ કિંમત નથી. દાન આપનાર લોકોની શ્રદ્ધા ડગી જાય એવા પ્રયત્નો થતા હોય છે.. આજે કેટલીય સામાજિક સંસ્થાઓ અને મંદિરોમાં દાન આપવામાં આવેલ છે એ દાનનો ઘણીવાર ગેર વહીવટ થતો જોવા મળે છે. તાજેતરમાં અયોધ્યા રામ મંદિરની ઘટના ઘણું બધું કહી જાય છે. જો આમ જ ચાલતું રહેશે તો કોઈ વ્યક્તિ દાન કરતા પહેલા વિચારશે લોકોનો દાન આપવાનો ઉત્સાહ ઓસરી જશે મંદિરોમાં કે સંસ્થાઓ પરથી વિશ્વાસ ઊઠી જશે. છેવટે સંસ્થામાંથી કે અન્ય જગ્યાએથી લાભ લેનાર નિર્દોષ લાભાર્થીને એનાથી નુકશાન થશે..

**નવસારી -હિતેન્દ્ર એમ.ટેલર**

## ટી.વી.-વેબ સિરીઝની ઘાતક અસરો

તાજેતરમાં સમાજમાં બનતી કેટલીક કંપાવી મૂકે તેવી ઘટનાઓ અને બદલાતી માનસિકતા તરફ આપના લોકપ્રિય અખબારના માધ્યમથી સમાજ અને ચિંતકોનું ધ્યાન દોરવા ઈચ્છું છું.

રાષ્ટ્રીય ગુનાહિત આંકડાઓ (NCRB) પણ સાક્ષી પૂરે છે કે દેશમાં બનતી દર ૧૦ માંથી ૧ હત્યા પાછળનું કારણ કથિત 'પ્રેમ' અથવા ગેરકાયદેસર સંબંધો છે. આવી ગુનાહિત અને ક્રૂર માનસિકતા પાછળ આજકાલ ટી.વી. સિરીઝો અને ઓટીટી (OTT) પ્લેટફોર્મ્સ પર પીરસાતી વેબ સિરીઝો મોટો ભાગ ભજવી રહી છે. આ માધ્યમોમાં દર્શાવવામાં આવતી અતિશય અશ્લીલતા, કાવતરાં, શંકા-કુશંકા અને ક્રાઈમ લોકોના, ખાસ કરીને મહિલાઓ અને યુવાધનના મગજ પર નકારાત્મક પ્રભાવ પાડી રહ્યાં છે. ભૌતિકવાદી સુખની આંધળી દોટમાં સંબંધોની પવિત્રતા રોળાઈ રહી છે.

આજે મોટા ભાગના કિસ્સાઓમાં સ્ત્રીઓ દ્વારા જ અલગ થઈ જવાના પગલાં ભરવાની શરૂઆત થતી જોવા મળે છે. નાની-નાની વાતોમાં સાથે રહીને રસ્તો કાઢવાને બદલે અલગ ફ્લેટમાં રહેવા જવું અથવા તો આર્થિક મજબૂરીને કારણે એક જ ઘરના અલગ-અલગ રૂમમાં એકબીજાથી સાવ અજાણ્યા થઈને જીવવું–આવો ટ્રેન્ડ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે.

પરિવારોમાં સંસ્કારો અને સંવાદનું સિંચન થાય, સોશ્યલ મીડિયા કે કાલ્પનિક વેબ સિરીઝના આંધળા અનુકરણથી લોકો બચે અને આવાં સામાજિક દૂષણો સામે જાગૃતિ આવે તે અત્યંત અનિવાર્ય છે.

**સુરત -ડૉ. પંકજ ગાંધી**

## કાયદો તો બને જ છે... પરંતુ તેનું પાલન કોણ કરશે?

કાયદો બનાવવો સરકારનું કામ છે, પરંતુ તેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે.

આપણા શહેરના એક જાગૃત કમિશનરે પોતાના વ્યક્તિગત ટ્રાફિકના અનુભવના આધારે અનેક સ્થળોએ ટ્રાફિક સિગ્નલોનું સુંદર આયોજન કર્યું. શરૂઆતમાં લોકોમાં હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી, છતાં ધીમે ધીમે લોકો નિયમોનું પાલન કરવા લાગ્યા.

પરંતુ આજે પણ ઘણી જગ્યાએ એવું લાગે છે કે કેટલાક લોકોને ટ્રાફિક સિગ્નલનો અર્થ સમજાતો નથી અથવા સમજવાની ઈચ્છા જ નથી. લાલ લાઈટ હોવા છતાં વાહનો દોડાવી દેવા, માત્ર એક-બે મિનિટની રાહ પણ ન જોવી, ઉતાવળમાં નિયમોનો ભંગ કરવો–આ બધું માત્ર પોતાની જ નહીં, પરંતુ અન્ય લોકોની સુરક્ષા માટે પણ જોખમરૂપ છે.

ચાર રસ્તા પર માત્ર વાહનચાલકો જ નથી હોતા; ત્યાં રાહદારીઓ પણ રસ્તો ઓળંગતા હોય છે. તેમની સુરક્ષાનો વિચાર કરવો પણ એટલો જ જરૂરી છે.

મને વિદેશના અનેક દેશોની મુલાકાત લેવાનો અવસર મળ્યો છે. ત્યાં મેં જોયું કે નાગરિકો ટ્રાફિક નિયમોનું ખૂબ જ શિસ્તપૂર્વક પાલન કરે છે. તેનું એક મુખ્ય કારણ છે–કડક અને તાત્કાલિક દંડની વ્યવસ્થા. નિયમ તોડતાં જ કાર્યવાહી થાય છે, તેથી લોકો નિયમોનું પાલન સ્વાભાવિક રીતે કરે છે.

આપણે પણ હવે માત્ર કાયદા બનાવવાથી સંતોષ ન માનવો જોઈએ; નિયમોનું પાલન કરાવવું પણ એટલું જ જરૂરી છે.

મારી એક સૂચના છે કે જે લોકો વારંવાર ટ્રાફિક સિગ્નલનું ઉલ્લંઘન કરે છે, તેમને માત્ર દંડ નહીં, પરંતુ સજાના ભાગરૂપે સાત દિવસનો ફરજિયાત ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સુરક્ષા તાલીમ વર્ગ હાજર રહેવાનું પણ ફરજિયાત કરવામાં આવે. દંડથી કદાચ ખિસ્સા પર અસર થાય, પરંતુ શિક્ષણથી વિચારસરણી બદલાય છે.

સુરક્ષિત શહેર માટે માત્ર સારા કાયદા પૂરતા નથી; જવાબદાર નાગરિકો પણ એટલા જ જરૂરી છે.

**સુરત -ભૂપેન્દ્ર ચાહવાલા**

## પેટ્રોલથી પ્લગ સુધીની સફર

આપત્તિ હોય કે સંકટ, દરેક ઘટના માણસને કંઈક શીખવે છે. કોરોના મહામારી, યુદ્ધ તેમજ ભારત સહિત વિશ્વને ઊર્જા બચત અને વૈકલ્પિક ઈંધણના મહત્વ વિશે વિચારવા મજબૂર કર્યું. પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવમાં વધારો થતાં સામાન્ય લોકો અને ઉદ્યોગો પર ભાર વધ્યો. પરિણામે લોકો એવા વિકલ્પો શોધવા લાગ્યા જેમાં ઈંધણનો ખર્ચ ઓછો હોય. આ જ કારણ છે કે ઈલેક્ટ્રિક વાહનો પ્રત્યે લોકોનો રસ ઝડપથી વધ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટેકનોલોજીમાં નોંધપાત્ર સુધારો થયો છે. હવે વધુ સારી બેટરી, લાંબી ડ્રાઈવિંગ રેન્જ અને ઝડપી ચાર્જિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આધુનિક સમયમાં વધતા ઈંધણના ભાવ, પર્યાવરણ પ્રદૂષણ અને ઊર્જા સંકટને ધ્યાનમાં રાખીને સમાજ ધીમે ધીમે ઈલેક્ટ્રિક વાહનો તરફ આગળ વધી રહ્યો છે. નવી ટેકનોલોજી, ઓછી જાળવણીનો ખર્ચ અને પર્યાવરણમૈત્રી સુવિધાઓને કારણે ઈલેક્ટ્રિક વાહનો સામાન્ય લોકો માટે પણ આકર્ષક વિકલ્પ બની રહ્યા છે. ભવિષ્યની સ્વચ્છ, સસ્તી અને ટકાઉ પરિવહન વ્યવસ્થા તરફનું આ એક મહત્વપૂર્ણ પગલું છે.

**સુરત -સંદીપ માંગુકિયા**

## પડે ત્યારે 'ખાજા'ના પેણા ચઢતા

વૈશાખમાં કેરીની સીઝન શરૂ થાય. લગ્ન સીઝન પુરી થાય અને જેઠ મહિનાના પ્રારંભે વરસાદની શરૂઆત થાય ત્યારથી સુરતમાં ઘરે ઘર સરસિયા ખાજા બનાવવામાં આવતા અને દુકાનોમાં ખાજાનું વેચાણ ચાલુ થતું હતું. ખાજા કેરીના રસ સાથે ખાવામાં આવે છે.પહેલાંના સમયમાં સરસવના તેલમાં ખાજા બનતા હોવાથી તે 'સરસિયા ખાજા' તરીકે ઓળખ બની. ખાજામાં મરી નાંખવામાં આવે છે. આથી ખાજાનો ગુણધર્મ તામસ હોય છે.જ્યારે કેરીનો રસનો ગુણધર્મ ઠંડો હોવાથી કેરીનો રસ અને ખાજાનું કોમ્બિનેશન સુરતીઓના સ્વાસ્થ્ય માટે અનુકૂળ છે. સુરતીઓ જેઠ મહિનામાં 'કેરીગાળો' કરે છે,જેમાં કેરીનો રસ અને ખાજા મુખ્ય જમણ હોય છે.ખત્રી જ્ઞાતિમાં કેરીગાળામાં કેરીના રસ અને ખાજા સાથે નોનવેજ' તપેલું' ચોક્કસ હોય છે.

ઝરમર વરસાદ પડતો હોય ત્યારે સુરતીઓ ખાજા પર લીંબુ છાંટી ખાય છે. આ હતી વાત અસ્સલ સુરતની અને સુરતીઓના ખાણી પીણીના સમય અને સીઝનની. આજે સુરત એક પચરંગી શહેર બની ગયું હોવાથી ખાજા પણ બારેમાસ વેચાતા થઈ ગયા છે.આજે પણ તળ સુરતીઓએ થોડા અપવાદને બાદ કરતાં સીઝન પ્રમાણે ખાવા પીવાની પરંપરા જાળવી રાખી છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**